③

**Notification**

***Regarding***

**The Curator, Class II, Recruitment Rules, 2013.**

**ક્યુરેટર, વર્ગ-૨ ભરતી નિયમો, ૨૦૧૩ સંબંધી**

**જાહેરનામું**

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓગષ્ટ, ૨૦૧૩.

**ભારતનું સંવિધાન**

**ક્રમાંક : જીવાયસી/૧૩/૦૫/એસએચએલ/૧૦૨૦૦૬/૯૦૨/એ.–** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજયપાલ, આથી, સંગ્રહાલય નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં ક્યુરેટર, વર્ગ-૨ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ક્યુરેટર, વર્ગ-૨ની, ભરતી નિયમો, ૨૦૧૩ કહેવાશે.

૨. સંગ્રહાલય નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ક્યુરેટર, વર્ગ-૨ ની જગ્યા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે સંગ્રહાલય નિયામકની કચેરીની તાબાની સેવામાં, મદદનીશ ક્યુરેટર (આસિસ્ટન્ટ ક્યુરેટર), વર્ગ-૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩ નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ.

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતનાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી દ્વિતીય વર્ગની અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા નીચેના વિષયો પૈકી કોઇ એક વિષયમાં સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

Scanned by CamScanner

(૧) ઇતિહાસ (૨) પ્રાચીન ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ (૩) પુરાતત્ત્વ વિજ્ઞાન (Archaeology) (૪) લલિત કલા, (Fine Arts) કલા ઇતિહાસ (Arts History), (૫) ચિત્રકામ (Painting), (૬) ભૂસ્તર વિજ્ઞાન, (૭) પ્રાણી વિજ્ઞાન, (૮) નૃવંશ વિજ્ઞાન (૯) રસાયણ વિજ્ઞાન (૧૦) વનસ્પતિ વિજ્ઞાન (૧૧) કોઇપણ ભારતીય પ્રાચીન શિષ્ટભાષા; અને

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલો સંગ્રહાલય વિજ્ઞાનમાં અનુસ્નાતક ડિપ્લોમા અથવા અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) (૧) સંગ્રહાલય નિયામકની કચેરીની તાબાની સેવામાં, મદદનીશ ક્યુરેટર (આસિસ્ટન્ટ ક્યુરેટર), વર્ગ-૩ના જગાને દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) સંગ્રહાલય નિયામકની કચેરીની તાબાની સેવામાં, મદદનીશ ક્યુરેટર (આસિસ્ટન્ટ ક્યુરેટર), વર્ગ-૩ની જગાને સમકક્ષ ગણી શકાય તેવી અથવા તેનાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો જાહેર ક્ષેત્રના સંગ્રહાલય અથવા ખાનગી સંગ્રહાલયમાં આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ચ) ગુજરાતી અને/અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે:

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. પસંદ થયેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવી જોઇશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી જોઇશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી જોઇશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવી જોઇશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઇશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઇશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવેશ એરડા,
સરકારના નાયબસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Scanned by CamScanner